ગાંધીનગર સમાચાર

રાજ્યના પોલીસતંત્રમાં બદલીઓનો તખ્તો તૈયાર




સ્વરથી ઈશ્વર - ગાંધીનગરના આત્મિય સ્વજનોને અંજલિ આપવા યોજાયેલા અનોખા કાર્યક્રમ 'સ્વરથી ઈશ્વર'માં અગ્રણી નાગરિકો અને નગરજનો ભાવપૂર્વક જોડાયા હતા... જુનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા પ્રતિ વર્ષ યોજાતા શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં નગરના આગેવાનો અને સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી નામી-અનામી સદગતોને અંજલિ આપે છે... ગુજરાતના જાણીતા કલાકાર નયન પંચોલી અને તેના સાથી કલાકારો દ્વારા ભાવપૂર્વકના ભક્તિ ગીતોનો 'સ્વરથી ઈશ્વર' કાર્યક્રમ યોજાયો હતો...

# જિલ્લાની ૯૨ આંગણવાડીમાં આજથી કુપોષણ મુક્ત અભિયાન

**ગાંધીનગરની ૧૭, દહેગામની ૨૫, કલોલની ૪૫ અને માણસાની ૫ આંગણવાડીમાં આ પ્રોજેક્ટ અમલી બનશે : ચાર તાલુકા માટે લાયઝન અધિકારીઓ નિમાયા : આજે ડી.ડી.ઓ.ની હાજરીમાં કલોલ ખાતે પ્રોજેક્ટને ખુલ્લો મુકવામાં આવશે : એક મહિનો ચાલશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ૯૨ આંગણવાડી કેન્દ્રોના ૧૩૦૦થી વધુ કુપોષિત બાળકોને કુપોષણ મુક્ત બનાવવા માટે આજથી ઘનિષ્ટ પોષણ અભિયાનનો આરંભ થશે. જે એક મહિનો ચાલશે.

કુપોષણ મુક્ત અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવનાર આ પ્રોજેક્ટમાં ગાંધીનગરની ૧૭ આંગણવાડી, દહેગામની ૨૫, કલોલની ૪૫ અને માણસા તાલુકાની ૫ આંગણવાડીની પસંદગી કરવામાં આવી છે.

આજે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈની ખાસ ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટનું વિધિવત પ્રારંભ કલોલ ખાતેથી કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં કુપોષિત બાળકોને પૂરક પોષણયુક્ત આહાર પાંચ ટાઈમ આપવામાં આવશે. આ માટેનું સમગ્ર આયોજન તૈયાર કરી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં આ કુપોષણ મુક્તિ અભિયાન અંતર્ગત આર.બી.એસ.કે., આયુષ અને ફિમેલ હેલ્થ વર્કરોની ટીમનું ગઢન કરવામાં આવ્યું છે. જે બાળકના પ્રથમ દિવસના વજન તેમજ ઊંચાઈ અને તબીબી તપાસની નોંધ સાથે નિયમિત ચકાસણી કરશે.

આ પ્રોજેક્ટના મોનીટરીંગ માટે કલોલમાં ડૉ. ભાવનાબેન પટેલ, દહેગામમાં ડૉ. આર.વી. પંડ્યા, ગાંધીનગરમાં ડૉ. પિયુષભાઈ પટેલ અને માણસામાં સુશ્રી મમતાબેન દત્તાણીની લાયઝન અધિકારી તરીકે નિયુક્તી કરવામાં આવી છે. જેઓ સપ્તાહમાં એકવાર સમગ્ર કામગીરીની સમીક્ષા કરી અને પોતાનો અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપશે.

● અનુસંધાન પાન-૭

# પ્રધાનમંત્રી પાક-વીમા યોજનામાં ૫૨૦૦થી વધુ ખેડૂતોને આવરી લેવાયા

**જિલ્લામાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં ખેડૂતોને પાક-વીમા હેઠળ આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૫૨૦૦થી વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી પાક-વીમા યોજનાનું કવચ પુરૂ પાડવામાં આવ્યું છે. અત્યાર સુધી પાક-વીમા યોજનાનો લાભથી વંચિત રહેતા હતા.

પાક-વીમા યોજનાના સરળીકરણ પછી નવી અમલમાં આવેલી આ યોજનામાં જિલ્લાના ૫૨૦૦થી વધુ ખેડૂતોને સાંકળવામાં આવ્યા છે. જિલ્લાના ચારેય તાલુકા ખેડૂતો આવાં હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન પાક-વીમા યોજનાની આકારણી માટે જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૦ ઓટોમેટીક વેધર સ્ટેશનો સ્થાપવાની કામગીરી પણ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ સાથે જ રાજ્ય સરકારે આ વેધર સ્ટેશનોના રિપોર્ટ અને તેના રિડીંગ માટેની એજન્સી પણ નિયત કરી દીધી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭

# જૈનાચાર્ય ગચ્છાધિપતિ આચાર્ય વિજય પ્રેમસુરીશ્વરજી મહારાજ સાહેબનું નિધન

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગચ્છાધિપતિ આચાર્ય વિજયપ્રેમસુરીશ્વરજી મહારાજ સાહેબના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. સમસ્ત માનવ જાતિને કલ્યાણકારી માર્ગ ચિંધનાર પરમજ્ઞાની વિભૂતિની કદી ન ભૂલી શકાય તેવી ખોટ પડી છે. સમસ્ત જૈન સમુદાય સહિત સૌ કોઈ મહારાજ સાહેબે નિર્દેશેલા ઉપદેશોની રાહપર ચાલીને સદગતના આત્માને ચિર શાંતિ અર્પે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# જિલ્લાની આવકના અંદાજોને આધારે જિલ્લાઓને ગ્રાન્ટની ફાળવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૫

હવે જિલ્લાઓમાં આવકના સાચા અંદાજો સાથે ગ્રાન્ટ ફાળવણીની દિશામાં સરકાર આગળ વધશે તેવા સ્પષ્ટ સંકેત રાજ્યના નાણાં વિભાગના વિશ્વસનીય સૂત્રોએ આપ્યા છે.

જિલ્લામાં વિલેજ પ્રોફાઈલ અને બિઝનેશ રજીસ્ટર ઉપરાંત આવકના સાધનોમાંથી પ્રાપ્ત થયેલ આવકના આંકડાઓ મેળવી તે પછી જિલ્લામાં ગ્રાન્ટ ફાળવવામાં આવશે. જિલ્લામાં આવકના સાધનો પણ ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યા છે અને તેના અંદાજો તૈયાર કરવા માટેની સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે વિકેન્દ્રીત જિલ્લા આયોજનના અભિગમને ધ્યાને રાખી નીતિ આયોગ દ્વારા જિલ્લાકક્ષાએ આવકના અંદાજો તૈયાર કરવામાં આવે અને અંદાજો દ્વારા જિલ્લાના વિકાસની સમીક્ષા કરવામાં આવે તેવા સ્પષ્ટ નિર્દેશ આપેલ છે.

જિલ્લાની આવકના અંદાજો તૈયાર કરવા માટે અગાઉ રચાયેલ પાંચ જેટલી જુદી જુદી રાષ્ટ્રીય કમિટીઓએ પણ ભલામણ કરી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. અને આ કમિટીઓની ભલામણોને આધારે મધ્યસ્થ આંકડા આયોગે પણ જિલ્લા આવકના અંદાજો તૈયાર કરવાની માર્ગદર્શિકા પણ તાજેતરમાં જાહેર કરી છે.

● અનુસંધાન પાન-૭

# શહેરમાં ભર ભાદરવે આકરો તાપ

**મહત્તમ તાપમાન ૩૪ ડિ.સે. નોંધાયુ : આકરા તડકાના કારણે પરેશાન વસાહતીઓ બહાર નીકળવાનું ટાળે છે**



ગાંધીનગર, તા. ૨૫

ઉનાળો જાણે પુનઃ શરુ થયો હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસથી શહેરમાં અસહ્ય તડકો અને ગરમી અનુભવાઈ રહ્યા છે. ભાદરવાનો તડકો ખરેખર વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યો છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોને બાદ કરતા ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પાછોતરો વરસાદ થયો નથી. કયાંક વળી માત્ર છુટાછવાયા ઝાપટા જ પડયા છે. વરસાદ ન હોવાથી ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ભારે ગરમી અને આકરો તાપ અનુભવાઈ રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી તેનું પ્રમાણ વધી રહ્યું છે. જાણે ઉનાળો પાછો આવ્યો હોય તેવી ગરમી અનુભવાય છે. વહેલી સવારથી છેક સુર્યાસ્ત સુધી સુર્યના આકરા કિરણો સૌને હેરાન પરેશાન કરી રહ્યા છે. ભાદરવાનો તાપ તેની ચરમસીમાએ પહોંચ્યો છે.

● અનુસંધાન પાન-૭

ડોક્ટર મળશે નહિ
ડો. રાજેશ બી. શાહ
રાજ પ્રસૂતિગૃહ અને નર્સીંગ હોમ
પ્લોટ નં. ૧૦૪૫, સેક્ટર-૨/ડી, ગાંધીનગર
ડૉ. રાજેશ બી. શાહ પરદેશ જવાના હોઈ તા. ૨૪/૧૦/૨૦૧૬ થી તા. ૬/૧૧/૨૦૧૬ દરમિયાન મળશે નહી. તેમજ હૉસ્પિટલ બંધ રહેશે. જેની સર્વે દર્દીઓએ નોંધ લેવા વિનંતી છે. તકલીફ બદલ ક્ષમા.
તા. ૭/૧૧/૨૦૧૬થી ડોક્ટર નિયત સમય મુજબ મળશે.

# રાજ્યના પોલીસતંત્રમાં બદલીઓનો તખ્તો તૈયાર

**સનદી અધિકારીઓ બાદ પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો આજકાલમાં થશે : પારદર્શક વહીવટ માટે બદલીઓનો દોર**

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો કરવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને ટુંક સમયમાં બઢતી બદલીઓ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકારે વહીવટીતંત્રમાંથી ભ્રષ્ટાચારને નેસ્તનાબુદ કરવા માટે વહીવટીતંત્રમાં નીચેથી લઈને ઉચ્ચ અધિકારીઓની બદલીઓનો દોર શરૂ કર્યો છે. તાજેતરમાં રાજ્ય સરકારે મહેસૂલ પંચાયત સંવર્ગના વર્ગ-૩ના અંદાજે ત્રણ હજાર કર્મચારીઓની બદલીના હૂકમો કરવામાં આવ્યા બાદ ૨૧ જેટલા સનદી અધિકારીઓની બદલીઓ કરીને વહીવટીતંત્રમાં ફેરફારોનો દોર શરૂ કર્યો છે.

વહીવટીતંત્ર બાદ હવે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સઘન બનાવવા અને ભ્રષ્ટાચારને નાથવા માટે રાજ્યના પોલીસતંત્રમાં પણ ધરખમ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના આઈ.જી.પી., ડી.આઈ.જી.પી. સંવર્ગના અધિકારીઓની બદલી અને બઢતી માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલીના ભણકારા વાગી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રથમ તબક્કામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીઓનો દોર હાથ ધરવામાં આવ્યા બાદ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અને જેમની કામગીરી નબળી માલુમ પડેલી હશે તેવા જિલ્લા પોલીસ વડાઓની બદલીઓનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાંચથી દસ જેટલા ડી.વાય.એસ.પી. સંવર્ગના અધિકારીઓને પણ એસ.પી. તરીકે બઢતી આપવાની પ્રક્રિયા જે વિલંબમાં પડી છે તે પ્રક્રીયા ફરી શરૂ કરવામાં આવી છે અને ડી.વાય.એસ.પી. સંવર્ગના અધિકારીઓની પણ બઢતી અને બદલીનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com